બાજ(ના)ગરમ.
સીધી(વિ)પાધરી.

પાઠ ૭૦ મો.

ઉલું(ના)ધેલો.
વ્યાજ(ના)ગભગર,પૈસા
દાર.
પૂરૂં=ભરા ભરપેટભરીને
ભોડાવ(ક્રિ)મુકાવમેલાવ
દેખાવે(ક્રિ)જણાવો.
ખોતરતે(ક્રિ)મોતનો.ખ
ણનો.
બી.(ના)કારણ,મરમ.
ધન(ના)પૈસા,દોલત.
ચરૂ(ના)તાંબાનો એકડા-
વાળો દેગડો.

પાઠ ૭૧ મો.

શેતુર(ના)એક જાતનો
મેવો પીપરના આકારનો
થાવછે.
ભરખવું(ક્રિ)કેનું ઉનું.
મશીદીઆં(ના)રેશમી
લુગડાં.
રેશમ(વિ)રેશમી.

પતંગીઉ=એક જાતનો
જીવડો.
ગજીઆણું(ના)ગજપ
નાનું રેશમી કપડું.
તાતણો(ના)તાર.
મુગટ(ના)તાર ણ વાળાં
હલકા અને બારીકાં.
મશરૂ(ના)રેશમી કપડું.
કોશેટો=ગોળ લાંબી દડી
હીર(ના)રેશમ.
કીડા(ના)નાના જીવડા.
ભાત ભાતના(વિ)જાત
જાતના.
કીનખાબ(ના)કસબ-
નાખેલા વાળું રેશમના ઊ
ચું કપડું.

પાઠ ૭૨ મો.

આખલો(ના)ગોધો.સાંઢ
મચ્છર(ના)ગણ ગણતો
જીવડો.
માતેલો(વિ)જબરો, ધ
રાયલો મતવાલો.
નબળો=કમજોર, લુલો.
સાંઢ(ના)આખલો ગોધો

આંટો(ના)ચક્કર,ફેરો.
તોબા(ના)કાયર,કંટાળો.
તુચ્છ(વિ)હલકો. નીચ.
અહંકાર(ના)અભિમાન
ઘરાસને(ક્રિ)તરપતથઈને
ગણ ગણતે(ક્રિ)ગુણગુ
ણ કરતો.
નીચ(વિ)હલકો, તુચ્છ
જબર(વિ)જોરાવર.
પલક(ના)પલ, ક્ષણ.
કચર(ક્રિ)કચડી,ખુંદી.
પછાડે(ક્રિ)અફાળીને ઝીંકે.
વેદના(ના)દુઃખ,પીડા.
ગાંડે(ના)ઘેલાનો, ઘેલો.

પાઠ ૭૩ મો.

કરોળીઓ(ના)જાળમાં
રહેનારો જીવડો.
હરાવવું(ક્રિ)હંફાવવું,
જીતી લેવું.
બેડકવું(ક્રિ)છાકી જવું,
વધારે બોલવું.
જાળું(ના)ફાંદો,ફાંસો.
જીતવું(ક્રિ)જીતી લેવું.
હરાવવું.
ફુલાઇ=અહંકારે ભરાઇ

શેર(ના)૪૦ પૈસાભારનું વજન.
સાંઢીઓ(ના)ગોધો,સાંઢ
બરોબરી (વિ) સરખા સરખી,હરીફી.
ગર્વ(ના) અહંકાર.
હસવા(ક્રિ)મજાકકરેવા
નજ(અ)નહીં, ના
ફાંફા(ના)ખોટીમેહેનત, વેતરા.
અટવાટો(ક્રિ) આંટીમાં આવતો.
જીતનાર(ના)જીતીલેના ર)ફતેહ પામનાર.
કેવળ=બીલકુલ,તદન.

પાઠ ૭૪ મો.

કોમળ=નાજુક, કુમળું.
રમુજી (વિ) ખુશલાગે એવું
ચંચળ(વિ)હોંશી આર.
પટા(ના)લીસોટા,કાપા
રૂવાંટા(ના)ઝીણાંઝીણાં બાલ.
ચતારો=ચિત્ર પાડનાર

પાઠ ૭૫ મો.

છેતરવું (ક્રિ) ઠગવું.
પાપ(ના)નઠારૂકામ, નઠારાં કામનો દોષ.
દડિઓ(ના)પડીઓ.
ચુકવવું(ક્રિ)ખસેડવું.
સંતાડવું(ક્રિ) છુપાવવું.
કરડી (વિ) આકરી,સખત.
નાત=જમણવાર, વરો.
બગડ્યું(ક્રિ)તપતજરાયો
સરત(ના)નીશા. ધ્યાન.
છેતરાઇ(ક્રિ)ઠગાઇ.
વાહાલી(વિ) પ્યારી.
નાનપણ(ના)બચપણ

પાઠ ૭૬ મો.

ઘડી (ના)૨૪ મિનિટ.
પળ (ના) લેહેજો.
તરેવું(ક્રિ)અતરંગરેહેતું
મંદિર=દેરૂં, દેવસ્થાન.
ટંકોટંક(વિ)માથા સુધી.
જોશી=જ્યોતિષ વિદ્યા જાણનારા.
ડુબીજવું(ક્રિ)બુડી જવું
કોષ્ટક(ના) કોઠો.
માપ=ભરત,પરમાણું.

વાપરતાં (ક્રિ) કામમાં આંણતાં.

પાઠ ૭૭ મો.

ભારે(વિ કીમતી,મોંઘી.
મોહોર(ના)પંદરરૂપીઆની કીમતનો જુનો સોનાનો શિક્કો.
કસબ=જર. કીનખાબ
પાજવ(ના) કોર.
વેઢ (ના) વેળીઓ.
કદોરો(ના)કેડે ઘાલવાનું ઘરેણું.
કીમ્મત(ના)મૂલ. ભાવ.
ઉઠે(ક્રિ) ઉચકાય.
સુંદર (વિ) સારાં, મઝાનાં.
કંઠી=સોનાનીસાંકળી.
તાલેવર (વિ) પૈસાદાર.
તોઇ (ના) કોર.

પાઠ ૭૮ મો.

નાખુશ (વિ) દલગીર.
ટટાર વિ.સીધો, પાધરો.
ખુશી(ના)હરખ, સંતોષ
નાખુશી(વિ) દલગીરી.
પોતીકા (સ)પોતાના

પાઠ ૭૯ મો.

બાચ્યા(ના) માનઓળખવાની સમજ.
ભાન(ના) સમજ અક્કલ
શા(અ) વાસ્તે કેમ? શાને માટે?
પુણ્ય(ના) ધર્મ, દાનનું આશીષ.
કશું=કંઇ પણ, જરાએ.

પાઠ ૮૦ મો.

કાંચળી(ના) કાપડું, બાપડીનું ચોળી જેવું પેહેરવાનું કપડું.
પીયર(ના) બાપનું ઘર
મોસાળ(ના) મામાનું ઘર
હેત(ના) પ્યાર, ચાહના.
હરખ(ના) ખુશી આનંદ
ઠેસ(ના) ઠોકર, ખત્તા,
પલળી(ક્રિ) ભીનાઈ.
બગડી(ક્રિ) ખરાબ થઈ.
રીસ(ના) ગુસ્સો, તામસ.
ઉતરી(ક્રિ) નરમ પડી.
વાંક(ના) તકસીર, ગુન્હો.
બાપડ(વિ) બીચારી, ગરીબડી, રાંક.

પાઠ ૮૧ મો.

નિંદે(ક્રિ) બદબોઈ કરે.
બળવંત(વિ) જોરાવર.
કલેશ=કજીઓ, કંકાસ.
હળીન(કૃ) હળીને રેહેનારા
સંપી= સંપ કરી હળીમળી.
સુખચેન=મજા. સંતોષ
શોક=દલગીરી પસ્તાવો.
ઘટે(અ) ઓછો થાય.
લેશ(વિ) જરા, જગાપણ
ગીતો(ના) ભાવ ટીઓ રાગ કાઢીને ગાયછે તે.

(કવિતાનો સમજુતી.) (૧૫.)

આપણે બંનો ભાઈ ને બેહેન હળી મળીને સંપથી રમીએ તો ઘણું સુખ થાય. લઢી વઢીને કંકાસ કરીએ તો જીવને ઉચાટ થાય. આબરૂ ઓછી થાય, ને વળી લોકો પાછળ બદબોઈ કરે.(૧) જે આપણો બાપ (ઈશ્વર) મોટો જોગાવરછે, તે ઈશ્વર હમે સદા હળીમળીને રેહીએ એવું જ કર, કે જેથી નિરંતર સુખમાં દહાડા જાય, અને કોઈ દહાડો જરાપણ કજીઓ કંકાસ થાય નહીં(૨) જે છોકરાં એક બીજા સાથે હળીમળીને રેહેતા હોય, તે કોઈ દહાડો સામા સામાં લડે નહી, તેઓ સાથે રમી જમીને ગીતો ગાયછે, તેથી તેમની મા મનમાં ઘણી ખુશ થાયછે(૩)

પાઠ ૮૨ મો.

[illegible](ના) ચીંથુંટીયાં.
ધુમર(ના) ધુમ્મસ, રજ.
ઝમકું(ના) બખાળું.
બરફ(ના) ઠરીને બંધાઈ ગએલું પાણી.

કરા(ના) હવામાંથીછૂટું પડીને બંધાયલુંપાણી
રૂપ(ના) ડોળ, કાનતી.
ઢીંગ(ના) માટીની ગાગર કે મોરીઆનોભાગેલો નીચલો ભાગ.
વરાળ(ના) બાફ, શેવાળ.
તાસક=ઢાંકણું, ધાતુની રકાબી.
ગગન(ના) આકાશ.
ઠાર(ના) ઠંડ, હીમ.
વેગળાથ (અ) આઘેથી
ઝાકળ(ના) મરદી, ઓસ

પાઠ ૮૩ મો.

મધ્ય=વચલા,વાંધાના, સાધારણ.
પુષ્કળ(વિ) ઘણું, બહું.
ડામ(ના) ડીંના ચપકા.
બરડો(ના) પીઠ, વાંસો.
સાંધા (ના) કટકા.
પાંસળીઆ(ના) પાસા તરફની હાડકાંઓ.
ટેકોટેકાને(અ) અધિર્ના ને, ટેકો દેઈને.
જડબુ (ના) ડાચું.
ઝેરી(વિ) ઝીખવાળુ.
થેલી (ના) કોથળી.
ભેળુ (વિ) સાથે.
જખમ(ના) કરડેલીકેવા ગેલા જગો.
પસરે (ક્રિ) ફેલાય.
ઘટતા(વિ) લાયક, જોઈએ તેવા.

પાઠ ૮૪ મો.

સિંહ (ના) જનાવરોનોરાજા, મેટું ચોપગુ પશું.
જીવદાન=નવોજન્મ.
મહારાજ(ના) મોટારાજા રાજાધીરાજ.
કાલાવાલા (ના) ખુશામત, વારેવારે કરગરીને કહેવુ તે.
સામર્થ(ના) જોર, બળ.
છાંયે(ના) શીળે, ઓળે.
દોડાદોડ (ક્રિ) દોડ ધામ, નાસા નાસ, ઢીંગા મસ્તી
ગુનો(ના) અપરાધવાંક,
માફ(ના) ક્ષમા જવા દેવું [તે
ચાકરી(ના) સેવા.
ટાળીશ(ક્રિ) મટાડીશ.
શેખી=પતરાઈ, વડાઈ
વન (ના) રાન, જંગલ
ગરીબડા=કંગાળ, રાંક.
ઘેલે(વિ) ગાંડો, નાદાન.

પાઠ ૮૫ મો.

હાજર(ના) તૈયાર.
તરણું(ના) તખલું.
વળાવશે (ક્રિ) કરશે.
દાસ (ના) ચાકર, સેવક.
જાળ (ના) ફાંદો.
છુટાયું(ક્રિ) નીકળાયું.
અકળાયા(ક્રિ) ગભરાયા.
બૂમ (ના) પોકાર, ઘાંટા.
બદલો(ના) અવેજ, પાડ.
કાતરી(ક્રિ) કરડી.
પ્રસંગ(ના) વખત સમય

પાઠ ૮૬ મો.

સાંઠીયા=કરાંઠ, સોટીઓ
રેસા(ના) દોરે કૂચાં.
બેગા(ના) કાઠા, કરચાં.
સુતળી(ના) સણના રેસાની દોરી.
ટાટપટી=સુતળીનીટાટડી.

દીવાશળી (ન) દીવા ક-
રવાની સળી.
માણસ પૂર (વિ) માણ-
સ જેવડા. માથોડા પૂર
ઝાઝા (વિ) ઘણાં, બહુ.
ઊપાડી (ક્રિ) ઊચકી.
મરડીને (કૃ) આમળીને.

પાઠ ૮૭ મો.

શિયાળના (ન) શિયા-
ળનાં બચ્ચાં.
ભુગળાં (ના) નળાં.
વાઠ (ના) શેલડી ઉગે
લી તે જગો- ખેતર.
પોલ (ના) ખોલ, ગુફા,
અંધેર.
અંધેર (ના) અંધિયેર.
મેદાન (ના) લાંબાં પો-
હોળી- ખુલ્લી જગો.
ચોરીથી (ના) છુપકીથી.
ટોળું (ના) જથ્થો.
મુએલાં (કૃ) મરી ગએલાં.
કુકડા (ના) મરઘાં.
નુકસાન (ના) બિગાડ.
[illegible]ાન (વિ) બેખબાં.

પાઠ ૮૮ મો.

લોભીઓ (ના) લાલચુ
માણસ.
જમણવાર=ન્યાતવરો.
પડપુછ (ના) તજવીજ,
તલાસ.
લાભ (ના) ફાયદો. નફો.
તપેલાં (ના) પાતેલાં.
સંભાળી (કૃ) સાચવી,
તપાસી.
વિયાય (ક્રિ) જણ્યાં.
બચ્ચાં (ના) છોકરાં.
ભૂલથી (ના) ગફલતથી

પાઠ ૮૯ મો.

ધુતારા (ના) ધુતાલેનારા,
સમજાવીનઈજનારા.
નાદાન (વિ) ઘેલો, અણ-
સમજુ.
આદમ (ના) માણસ.
ફરીને (અ) બીજીવખત
નાત=જમણવાર, વરો.
ખપ (ના) જરૂર, કામ
ચુપ (ના) મુગો, અબોલો
વસત (ક્રિ) રેહેતા.

પાઠ ૯૦ મો.

ફેર (ના) તફાવત ફરક.
ભીંડી (ના) શણને મળતી
જાત.
વાણ (ના) ભીંડીના રેસા
ના દોરી.
ગરીબ (વિ) પૈસા વગર-
ના, રંક, નિર્ધન.
ટકાઉ (વિ) મજબુત

પાઠ ૯૧ મો.

ખુંધ-ઢેકા, મોટો ટેકરો.
રણ (ના) રેતાનું મેદાન.
રેતાળ (વિ) રેતીવાળી.
ચરબી (ના) જનાવરના
ચામડાના પાતળા પડ-
માથી જે ચીકણી ઘી
જેવી વસ્તુ નીકળે તે.
સંદેશા=સમાચાર, કેણ
પોષણ (ના) ગુજરાન.
મુસાફર (ના) ગાડીએ કે
પગે ચાલતા એક દેશ-
થી બીજે દેશ જવું તે.
સાંઢણી (ના) ઊંટની માદા
(ઝડપથી ચાલનારૂં
ઊંટ.)
તરેહવાર=અનેકરીત
નું, ઓર તરેહનું.

ઝડપ=તાકીદ,ઉતાવળ.
બાવળીઓ(ના)બાવળ-
ના કાંટાનું ઝાડ.
સંકડાઇ(કૃ)સંકોચાઇને
દબાઇને.

પાઠ ૯૨ મો.

વનસ્પતિ(ના)લીલોતરી
વેલા(ના)ભોંપર પથ
રાતો છોડ.
બટાટા(ના)આલુબડા.
તાંદળજો= તાંદળીઆ
નીકેચોલાઇનીભાજી.
સુરણ=એક જાતનોકંદ
મેથી(ના)મેથીનીભાજી
રતાળુ=એકજાતનોકંદ.
તળવું(ક્રિ)તેલમાં વઘા-
રવું.
પોઇ(ના)પોઇની ભાજી
સકરીઆં(ના)મીઠાકંદ
અળવી = અળવીની
ભાજી.
બાફીને(ક્રિ) પાણીમાં
રાંધીને.
કુમળા=નરમ, સુવાળા.
ચડે(ક્રિ)પકાય,રંધાય.

પાઠ ૯૩ મો.

સેકટો(ના) સરગુઓ.
અગથિઓ(ના)અગથિ
આના ફુલનું ઝાડ.
કડો=કડાના ફુલનુંઝાડ
લીલવા(ના)મીચદાણા
ફોલીને(કૃ) છોલીને.
સુધાં(અ) સાથે.
રીંગણાં(ના)વેગણાં.

પાઠ ૯૪ મો.

પાર(ના)સામોકીનારો.
માછી(ના)ઢીમર માંછ-
લા પકડનારો.
સઢ(ના)ખાદીઓ બાંધી
સાકટી સાથે સીવીને
વાહાણ ચલાવવા
સારૂ બાંધેલી તે.
ખારવા(ના)ખલાસી.
મછવો(ના) નાનીહોડી
હંકારવું=પાણીમાં ચ-
લાવવું.
સીધું=ખાવાનું, બધુ
હલેશાં(ના)ચાટવા.
સામાન(ના) ચીજો.
તોપ(ના)મોટી બંદુક.

ચાદરો=ખાદીનીપીછોડી
ભાગ્યે=મુશકેલાઇથી
સમાઇ(ક્રિ)માઇ,

પાઠ ૯૫ મો.

રીંછ(ના)બીયામણું બા
લવાળુ જનાવર.
બિયામણું(વિ)ભયંકર.
મધમાખ(ના)મધકરના
રી માખી.
મધપૂડો(ના)મધ માખ
નો પૂડો.
મજબુત(વિ)જોરાવર.
ભાવે(ક્રિ)સ્વાદ લાગે.
રાની(ના)જંગલમાની.
ભીંગ (ના) કમળની.
ચટકા(ના)ડંખ.

પાઠ ૯૬ મો.

બચરડીને(કૃ)ઉચરડીને
જવલે=કોઇ વખત.
ભમતાં (કૃ)ભટકતાં.
થાક(ના)મેહેનત,શ્રમ.
પીઠ(ના)વરડા,વાંસો.

પાઠ ૯૭ મો.

હળકી=થોડી [illegible]

મળવણી(ના)મેગ.
કંસારા(ના)ધાતુનાંવાસણ બનાવનારા.
કલાઈઘડા(ના) કલાઈનાંવાસણબનાવનારા.
ઘાલી(કૃ)રાખી.
વાળીએ(ક્રિ) મરડીએ.
દોહણી(ના) કળશીઓ, છાસની તામડી.

પાઠ ૯૮ મો.

ગોળીઓ(ના) સીસાની બખોટી.
છરા(ના)નાનીનાનીશીસાની ગોળીઓ.
બંદુક(ના)નાની તોપ.
કાંતીલોઢું=ચીનાઈ લોઢું
વોહોરા(ના)ફેરાલેકા.
કાંસુ(ના) એક જાતની બરડ ધાતુ.

પાઠ ૯૯ મો.

રત(ના)મોસમ.વખત.
કુંપળ=ફણગો, અંકોર.
મોહોર (ના) આંબાનાં ફુલ.
ટેટી(ના)ખડબુચાં.
આંબાગાળો=કેરીગાળો કેરીનો રસ કાઢીને જમવાસારૂ ભાઈબાંધું જમવા તેડવાંતે
તરબુચ(ના)એક જાતનું રસદારબુગા કોળાજેવું મીઠું ફળ.
કલેલ(ના)ચેનબાજી.
ટહુકા(ના)મધુર શબ્દથી બોલવું તે.
રાએણ(ના)લીંબોડીના જેવા મેવા.
બફારો(ના)પર્સાનો.
કોયલ(ના)કાળુ મધુર રાગનું પક્ષી.

પાઠ ૧૦૦ મો.

ઘમઘોર(વિ)ચડી આવેલું તે, ઘેરાઇગયલું
વીજળી(ના)વીજ.
ચમકારા(ના) ઝમકારા.
કડાકા(ના)અવાજો.
ગર્જના(ના)ગડગડાટ.
કાટકો(ના)મોટો અવાજો.
પુર(ના)ભરતી,રેલ, પાણીનું આવવું.
હેલી(ના)ઝડી. વરસાદ બે ચાર દિવસ સામટો આવે તે.
દુકાળ(ના)અનાજ પાણી નહી મળે એવો વખત, કરી મોંઘવારી.
તર(ક્રિ)તરપત થાયછે. બરાબર પલળેલી.

પાઠ ૧૦૧ મો.

કપાસિયા=કપાસનાંબી
ઢુંકવાવું=ટાઢે સીકડાવું.
કાલાં=કપાસનાં જીંડવાં.
ડગલી(ના)નાની બંડી અંગરખી.
હીમ(ના)ટાઢ ઠંડ.ઠાઠલ
તેજનો(ના)મશાલો.
સગડી(ના)કાણાં કાણાંવાળુ માટીનું દેવતા રાખવાનુ વાસણ.
કુંડાળુ=ગોળ ચકરડું.
તાપણું=ઘાસ બરોડા વગેરે કરાઠીને બળતુ
મહા મહા=ઘણું ઘણું.

પાઠ ૧૦૨ મો.

દુશમન(ના)શત્રુ, વેરી.

ચુડા=ન.પડઓ હાથે પેહેરેછે તે.
રમકડાં(ના)બાળકને રમવાની ચીજો.
ઉપાડે(ક્રિ)ઉચકે.
અટપટી(વિ) અઘરી. છુટે નહી એવી.

પાઠ ૧૦૩ જો.

છત=સીલીંગ, સંઘરો.
ભઠી(ના)દેવતાનો આરો
ગોતર(ના) અનાજનાં છાલાં છાતરાં વગેરે.
કમ વું=ગોળવું, ગુંદવું
લોંદા=લપકા, લચકો
ગોંગ(ના)ઝીણી રેત.
ચોકઠું=ચોખડો સંચો
અલગ(અ)અતરંગ હાલે નહીં એમ.
જરૂર=પરવા, દરકાર.

પાઠ ૧૦૪ મો.

કોલ(ના)કેલ, છો, કેમાટીનું પલાળીને ગારો કરેલો તે.
મટોડું=ચીકણી માટી.
આધારે(ના)આશરે.

પાઠ ૧૦૫ મો.

ખલાસી(ના)ખારવા.
વેહેરવું(ક્રિ)કરવત વતે ચીરવું, પાટીઆં પાડવાં.
કામડાં(ના)વાંસને ચીરીને બે ભાગ કરેલા તે.
કરાર(ના)લાકડાં વેહેરનારો.
મોતીઆં(ના)નેવાં આગળની લાંબી લાકડાની પાટલી.
સરડવું(ક્રિ)કામડાં ભરી લેવાં.
પકવાસા(ના)લાકડાની પાતળી ચીપો.
વળી(ના)સાકટી.
ભારોટીઆ(ના)પાટડા
લગ(ના)ગ.સાકટો.
ઢાળ(ના)નીચો ઢોળાણ.
પાદાઆં=જાડા સાકટા

પાઠ ૧૦૬ ઠો.

ઓજાર(ના) હથીઆર.
કેહોડ=લુહારની પેટી.
ગજવેલ(ના)ખરૂં લોડું.
અંન=અનાજ, દાણો.
એરણ(ના)જેના ઉપર સોની, લુવાર વગેરે ટાંપેછે તે.
ધમણ(ના)દેવતા સરગાવવાને ફૂંક મારવાની ચામડાની ગુણ.
કોશ(ના)નરાજ.
ખરડા(ના)ચાપડા.
સામાન(ના)ચીજો.
પાળી(ના)ચપ્પુ, છરી.

પાઠ ૧૦૭ મો.

ઠેઠ(અ)છેક.
સાંસા(ના)તંગી, વાંધા.
નિરાશ(વિ)ના ઉમેદ, આશાભંગ.
ગબડવું(ક્રિ)ઢળી પડવું.
સાંકડો(વિ) નાનો.
નાકાલ=છુટકો, તોડ.
નસમ (વિ)અઘરો.
અડોઅડ(અ)પાસેપાસે
ડુંગર(ના) મોટો ટેકરો.
ટેકરા(ના)નાનો ડુંગર.
ચોતરફ(અ)આસપાસ ચારેબાજુએ.
માર્ગ(ના) રસ્તો રાહ.

કદાપિ(અ)કોઈ વખત.

પાઠ ૧૦૮ મો.

તમાશો(ના)ખેલ.રમત.
ચતુરાઈ(ના)ડાહાપણ.
વખાણવું(ક્રિ)તારીફ કરવી, સારૂં કેહેવું.
અંતે(અ)છેલ્લે છેવટે.
વાળ્યો(અ)મરડ્યો.
સંકડાઈને(ક્રિ)સંકોચાઈને, દબાઈને.
સમજણ=સમજબુદ્ધિ.
હઠ(ના)જીદ,મમત.
જીવ=પ્રાણ, આત્મા.

પાઠ ૧૦૯ મો.

જીંડવાં(ના)ડવા.
રેંટીઓ(ના)રેંટ.
ચરખો(ના)કપાસમાંથી કપાસિયા સાથ રૂ જુદા પાડવાનો નાનો રેંટીઓ.
ખાદી(ના) દોટી, જાડું કપડું.
સુતરાઉ=સુતરનું બનેલું.
મલમલ(ના)ઝીણું ઊંચું લુગડું.
પોત(ના) કુમાશ.
જગંનાથી(ના)એક જાતનું ઝીણું લુગડું.
માદરપાટ(ના)સંકડ ઘટ કુમાશદાર લુગડું.
જુદા(વિ)જૂદા,નોખા.
બાસ્તં(ના)એક જાતનું કપડું.

પાઠ ૧૧૦ મો.

બિંબ(ના)કીરણ.
આકાશ(ના)ગતાશ.
કરોડ (વિ) સો લાખ.
ગાઉ(ના)કોશ.
તેજ(ના)નુર, ચળકાટ.
ઝાડપાલો(ના)ઝાડનાંઝીણાં પાદડાં
ગરમી(ના)તાપ.

પાઠ ૧૧૧ મો.

ચંદ્રમા(ના)ચાંદ,ચાંદો.
અજવાળો(ના)વાકાકાપો, આવાં. ( ))
દર્પણ(ના)આરસો.
પુનેમ(ના)પંદરમી તિથિ
અમાસ(ના મહિનાનો છેલ્લો દિવસ.
પૃથ્વી(ના)ગ્રહનું નામ દુનિઆ.
મુદ્દલ(વિ)બીલકુલ જરા

પાઠ ૧૧૨ મો.

ઘડીઆળ(ના) વખત જાણવાનો સંચો.
મધરાત(ના)અધીરાત
કલાક(ના)રાા ઘડી.
અંગ્રેજી=અંગ્રેજ લોકનું
અવર(ના કલાક.
મિનિટ(ના) રાા પળ.
ભાગ=હિસ્સો, પતી.

પાઠ ૧૧૩ મો.

આભલાં(ના)વાદળાં.
ગ્રહ(ના) સ્થિર તેજનો તારો.
ગલદર=તમામ,કસદાર
અજ્ઞાની(વિ)વેહેમવાળા ભોળા, સમજણ વગરના.
શક્તિ(ના)જોર, બળ.
સેંકડો(વિ)ગણા, હજારો.
એકાદ=એક,કોઈ પણ.
નવુંજુનું=ફેરફાર, આફત,જોખમ,ફજારેજ.

પૂછડીઆ=પૂછડીવાળા

પાઠ ૧૧૪ મો.

મેલીએ(ક્રિ) મૂકીએ.
ઓછું(વિ)થોડું, જરાક.
વરાળ=બાફ, શેવાળ.

પાઠ ૧૧૫ મો.

મેહ(ના) વરસાદ,મેઘ.
તરશે(ક્રિ)શોષે.
કૃપા(ના)મેહેરબાની
ધટેછે (ક્રિ)લાયકછે.

પાઠ ૧૧૬ મો.

સર્વવ્યાપક(વિ)બધે ફેલાયલો, બધે ફરનારો.
શ્વાસ(ના)ઉચ્છ્વાસ.
ખોળવું(ક્રિ) શોધવું.
અંતર=દિલ,ભીતર.
આકાશ=વાદળ,ગગન.
ચાસ (ના) હળે કરીને ખેતરમાં જે લીટા પાડેછે તે.

કાગી(ના) રજકણ.
વિશ્વપતિ(ના) જગતનો ધણી. પરમેશ્વર.
આસપાસ=આસેપાસે
વાસ(ના)રેહેઠાણ,મુકામ
ઘાટ(ના)વેતરણ,તાક.
તાત(ના)બાપ,ધણી.
જગત્કર્તા(ના) જગતનો બનાવનાર ઈશ્વર.
ઠાલું(વિ)ખાલીઅમથુ

(કવિતાની સમજુતી.) (૧૯.)

આપણી આસેપાસે આકાશમાં ને શ્વાસ તથા ચાસની પાસેપણ પરમેશ્વરછે, એવું મનમાં જણાયછે.(૧) આપણે ભોયતળીઆં નીચે ભોયમાં પેશી કંઈ છુપી વાત કરીને મનમાં કાંઈ ઘાટ રચીએ (દગાનો કે કોઇને મારવાનો.) તે બધુ જગતના બનાવનાર ઈશ્વર જાણેછે.(૨). એક જરા જેટલીરજ છુપાવવાને વાસ્તે આપણે ખાલી જગ્યા શોધીએ, તો કેથેપણ પરમેશ્વર વિના કાંઈ જગ્યા ખાલી માલમ પડતી નથી.(૩).

પાઠ ૧૧૭ મો.

શ્વાસ(ના)દમ,સાસ.
નાડી(ના)નાડ, ધ્વની.
મુડદુ=લોથ,લાસ,મબ.
અણસમજુ(વિ) વગર સમજના, નાદાન.

ખાતરી(ના)ભરોસા,ખાતરજમા.

પાઠ ૧૧૮ મો.

ભાવ(ના)હોંશ, ઉમંગ.
કુડી(ના) નઠારી, માઠી.
ઠાઠ(ના) ભપકો, દોર.

ઠાલો=ખાલી અમથો.
બિદ(ના)વારણ, પડદો.
આળ=તોહોમત, બટો.
છળ (ના) દગો, કપટ.
છુપાવવું=છાનુંરાખવું.
શોખ(ના) શોખામણ.

પળી(ન)ધોળા બાગ પરીઆં, સફેતી.
રૂડી(વિ)સારીમઝાની
ઠગાઇ(ના) ઠગબાજી, છાનોભેદ.
આખડેલું(કૃ)આઆખડેલું.
ડાઘ=કલંક,દુષણ,એબ
ગળી(ના)નામોચી.(એક જાતનો કાળો રંગ.

(કવિતાની સમજુતી). (૧૭).

હું તમને સુએ સારી શીખામણ શીખવું તે ધ્યાનમાં લો, પણ નઠારા લોકની નઠારી શીખામણ માનો નહી; ઉમંગથી જાણો ને છુપી વાતના ભેદ મનમાં સમજો, ને હે બાળકો એ વાતની અરે તમે મનમાં રાખો.(૧) નઠારી ચાલ ન ચાલો ને સારી ચાલ ચાલો, ને ઠગબાજીનો આળી હોય તમે મુકી દો; કોઇનું ઘરેણું રસ્તામાં પડેલું કેથે આખડેલું હોય, તે તમને જડે તો તુરત જઇને કહોકે હમને જડેલુંછે.(૨) જે માણસ કપટથી કે હીકમતે કોઇને છેતરીને વાત છાની રાખે, તો તેથી તેની આબરૂ ઘટે ને લોકોમાં કાળી ટીલી આવે; પછી જ્યાં સુધી સફેદ પળીઆં આવે (મરે ત્યા સુધી) તે ગળીનો ડાઘ કમે કરેથી છુટતો નથી, એટલે (કાળીટીલી) આવી હોય તે મટતી નથી. (૩).

પાઠ ૧૧૯ મો.

વસ્તુ(ના) ચીજ.
પ્રાણી(ના)જેને જીવ છે ને જે અહીંથી તહીં ફરી શકેછે તે.
મુલક(ના)દેશ.
સૌધા(વિ)સઘળા,બધા.

પાઠ ૧૨૦ મો.

ગળપણ(ના)મીઠાસ.
મોગરો(ના)એક જાતનું સફેત ખુશબોદાર ફુલ
ચંબેલી(ના)એક જાતનું સફેત ફુલ.
સુગંધી(વિ)વાસસોડમ
સાધારણ(વિ) વચલા વાંધાની, મધ્યમ.
સોરમ=સુગંધ,ખુશબો
પુરૂષ(ના)મરદ, ભાયડો
ભલમનસાઇ(ના)દાનાઇ માલમાઇ,ભલાઇ.
પોચાઇ(ના)નરમાસપ.

પાઠ ૧૨૧ મો.

રસળવું(ક્રિ) મટકવું.
વાણોતર(ના) ગુમાસ્તો, મહેતો.
ઉપરાણી(ના)આપેલા પઇસાની માગણી.

પીતાંબર(ના)ઊંચુ રેશમી ધોતીઉ.
જાન(ના)ગામડેજવાનો લગનનો વરઘોડો.
નુકશાન (ના) બિગાડ
હળઆં(ના)ખેતરહળવાનું. મજુરીનુ કામ
વેલા(ના)આપદા,વિપત
કાપડીઓ(ના)દોશી વાણીઓ;કાપડ વાળો.
જુજ(વિ)હલકા, થોડો.
પગાર=મુસારો મહિનો.
માલ (ના) સોદો.
વાયદો(ના) ઠરાવ. ઠરેલો દાહાડો.

પાઠ ૧૨૨ મો.

અબરખ(ના) એકજાતનો સફેત પારદર્શક પડવાળો પથ્થર.
મદારી(ના)ખેલકરનારા બાજીગર, નટલોકો.
નીસર્યા(ક્રિ)નીકળ્યા.
સોંઘા (વિ) સસ્તા.
હર(વિ)દર,અકેક,
મગન(ના)ખુશ.

લિખ્યું(ક્રિ) ગણ્યું, ગણકાર્યું.
મજા(ના)રમૂજ,ગમત.

પાઠ ૧૨૩ મો.

ગૃહસ્ત(ના) મોટા કુળનું આબરૂદાર માણસ.
સમાલવા(કૃ)તપાસવા.
ભીડાભાડ(ના) કચડા કચડી.
ચંપાઈને(કૃ) દબાઈને.
વાગેલું (કૃ) દાધેલું.
પાડોશી (ના) પાસેના ઘરમાં રેહેનારા.
ઉદાસ (વિ) દલગીર.
વાંલે(વિ) ઝાંખે, ઝખવાણે.
રજા(ના)છુટી બરતરફી
ઠપકો (ના) દોષ.
ફેરો(ના) ચક્કર, આંટો.

પાઠ ૧૨૪ મો.

સ્વર(ના) અથી અઃ સુધીમાંનો ગમે તે એક અક્ષર.
બારાખડી (ના) પદ.
તોતડા (વિ) બોબડા.

વ્યંજન(ના) કથી ળ સુધીમાંનો ગમે તે એક અક્ષર.
જોડાઅક્ષર(ના) જોડેલા દસ્કતો.
અતડું (વિ) ખરાબ, તોછડું.
શબ્દ(ના) બોલ.

પાઠ ૧૨૫ મો.

ભાન(ના)અક્કલ, સમજ.
ટેરવું(ના) ટેમુ, અણી.
અવાળુ (ના) અગાડીના ઉપલા દાંત ઉપરની સુંવાળી જગો.
સ્પષ્ટ(ના)ખુલ્લુ, સાફ.
વાક્ય (ના) બે અથવા તેથી વધારે શબ્દ એકઠા થવાથી જે ઇમારત બંધાય છે તે.
અડાડીને(કૃ)અટકાડીને
ઉઘાડવુ(કૃ)ખુલ્લુ કરવું.

પાઠ ૧૨૬ મો.

કાળજી(ના)ધ્યાન, નીઘેમાની, ચેટક.
કબૂલત(ના)કરાર, વચન.

મુચરકો(ના) કબુલાતનો લેખ. દસ્તાવેજ.
મળી(વિ)મેળવી.
વિરામચિન્હ(ના)વિસામો લેવાની નિશાની
અટકવું(ક્રિ)થોભવું.
ટપકું=ઝીણું મીડું,બિંદુ
ગુનેગાર(ના)અપરાધી
દરજી(ના)મેરાઈ સુઈ.
ચોખ્ખુ(વિ)સાફ, ખુલ્લું.

પાઠ ૧૨૭ મો.

જવાબ(ના)ઉત્તર.
સંભાળ=તપાસ,નીઘા.
ઢબ(ના)રીત,છટા.
પ્રત્યેક=દરએક,હરએક
શુદ્ધ(વિ)ખરો,સાફ.
ઉતાવળ(અ) તાકીદ.
માહાવરો(ના)અભ્યાસ.
નિયમ(ના)ધારો.કાયદો.
મોટો(ના)સાદ,સોર.

પાઠ ૧૨૮ મો.

બાળબોધ= બ્રાહ્મણી.
લીપિ(ના)ભાષા,બોલી
અનુસ્વાર=મીડું, બિંદુ.

ગુજરાતી=ગુજરાતની.
સલંગ=આખી, બધી.
ધર્મપુસ્તક=ધર્મની વાતની ચોપડી.
મૂળાક્ષર(ના)પેહેલાસરૂઆતના શીખવાના દસ્કતો.
વોરાગ(ના)રીત, રસ્તો.
બ્રાહ્મણી(ના)બાળબોધ
બોલી(ના)ભાષા,લિપિ.
ઓળખવાને(ક્રિ)પીછાનવાને, જાણવાને.

પાઠ ૧૩૦ મો.

ઇનામ(ના)શીરપાવ,ખુશી ગદલ કાંઇ બક્ષીસ આપવું તે.
વિશ્વાસ(ના)ભરોસો.

પાઠ ૧૩૧ મો.

મુશ્કેલ (વિ)અઘરૂં, મુશ્કેલ.
કબેરવી(ક્રિ) વધારવી.
જોખવુ(ક્રિ) તોળવું.

પાઠ ૧૩૨ મો.

ચતુર(વિ)શાણો ડાહ્યો.

ઝવેરી(ના)હીરા,માણેક વગેરેનો વેપારી.
ઝવેરખાનુ(ના હીરામાણેક, મોતી વગેરેનો ભંડાર ભરેલો તે.

પાઠ ૧૩૩ મો.

ધનવાન(વિ) પૈસાદાર.
ફેન ના)ઢોંગ. ધતુંગ.
ફોસલાવી(ક્રિ) પટાવી. સમજાવી.
ફકીર(ના) સાઈ, ભીખમાગનારો.
ધમકાવીને (ક્રિ) ધુરકી આપીને,ધમકોઈને.

પાઠ ૧૩૪ મો.

ભાળ્યો=દીઠો,જોયો.
કાગ(ના) કાગડો.
પાખાળો(વિ) પાખવાળો.
રૂપાળો=સારો, મધુર.
મિઠું(વિ)નોખાલાસ,કપટી નહી તે.
ખળ(વિ)લુચ્ચું,કપટી.
લક્ષણ=ગુણ,આચરણ.
દીસેછે(ક્રિ)દેખાયછે.

(કવિતાની સમજુતી). (૫)

ઝાડપર માળો બાંધતા બેઠો એવા એક કાગડાને જોયો, તે એ પાંખવાળો બોલતો હતો, પણ તેનો રાગ સારો હતો નહી.

પાઠ ૧૩૫ મો.	તરેહ(ના)ગત, પ્રકાર.	મેળવી(ક્રિ) સરખાવી,
આંકડા=અક,નંબર	પુસ્તક=ચોપડી, ગ્રંથ.	મુકાબલો કરી.

ભુગોળ વિશે.

(દિશાઓ.)

સવાલ—છોકરાઓ બોલો તો દિશાઓ કેટલી છે ?

જવાબ—દિશાઓ ચારછે: ઉત્તર. દક્ષિણ, પુર્વ ને પશ્ચિમ.

સ—દિશાઓ કેમ પારખવી તે તમે જાણોછો?

જ—હાજી. સુરજ ઉપરથી, સુરજ ન દેખાતો હોય તો ધ્રુવના તારા ઉપરથી; અને તે તારો પણ નહી દેખાતો હોયતોવહાણના હોકાયંત્રથી.

સ—પુર્વ અને પશ્ચિમ દિશા કેમ જાણીએ ?

જ—જેણીગમ રોજ સુરજ ઉગતો હોય તે પુર્વ દિશા, અને સાંજે આથમતો હોય તે પશ્ચિમ દિશા જાણવી.

સ—ત્યારે ઉત્તર અને દક્ષિણ દિશા કેમ જાણીએ ?

જ—આપણે પુર્વ દિશા તરફ મોં કરીને ઉભા રેહેવું, તો જેણીગમ આપણો ડાબો હાથ આવે તે ઉત્તર, અને જેણીગમ આપણો જમણો હાથ આવે તે દક્ષિણ દિશા જાણવી.

સ—ત્યારે હોકાયંત્ર અને ધ્રુવના તારાએકરીને દિશા શી રીતે જણાય?

જ—હોકાયંત્ર એટલે વાહાણનો હુકો તે મોટા વાહાણોમાં ખલાસીઓ

રાખેછે, તે અંધારી રાતે તેમને બહુ કામ લાગેછે. તે હોકાયંત્રની શોય હમેશાં ઉત્તર દિશા તરફજ રેહેછે, તેમ ધ્રુવના તારાએ પણ ઉત્તરે દિશાએ હંમેશા ઉગેછે. એ રીતે ઉત્તર દિશા જણાઈ એટલે પછી બીજી દિશા જાણવી સેહેલછે. એટલું યાદ રાખી મુકવું કે ઉત્તરની સામી દક્ષિણ દિશા, અને પૂર્વની સામેની પશ્ચિમ દિશા છે.

(પૃથ્વી.)

સ—પૃથ્વીનો આકાર કેવો છે?

જ—પૃથ્વીનો આકાર ગોળ દડા જેવો છે.

સ—આપણે કેમ જાણીએ કે ગોળ દડા જેવો છે?

જ—જે લોકો પૃથ્વીની આસપાસ પ્રદક્ષિણા ફરીઆવ્યાછે, તેમનાથી કારણો સાથે સાબિતી થઈ ચુકીછે તેથી જાણીએ છીએ કે પૃથ્વીનો આકાર ગોળ છે.

સ—પૃથ્વી ગોળછે તેની સાબિતીનાં કારણો બતાવો?

જ—હાજી, તે સાબિતીનાં કારણો બહુછે. ૧લું તો એકે લોકો વાહાણમાં બેસીને એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવામાટે નિકળેછે, અને પૃથ્વીની આસપાસ પ્રદક્ષિણા કરેછે તો જ્યાંથી તેઓ પેહેલાં નીકળ્યાં હોય ત્યાં પાછા આવેછે. ૨જું જ્યારે ચંદ્ર ગ્રહણ થાયછે ત્યારે એકતરફ પૃથ્વી અને એક તરફ ચંદ્ર રેહેછે. તે વખતે પૃથ્વીની જે છાયા તે ચંદ્ર ઉપર ગોળ આકાર માલમ પડેછે. ૩જું દક્ષિણ દિશા તરફથી ઉત્તરદિશા તરફ લોકો જાયછે તો ઉત્તર ધ્રુવ નક્ષત્ર ઊંચુ દેખાતું જણાયછે. ૪થું પૃથ્વીના બધા દેશોમાં સુરજ બરાબર વખતે ઉગતો નથી કોઈ દેશમાં વેહેલો. ને કોઈ દેશમાં મોડો કોઈ દેશમાં સહવાર પડેછે તોકોઈ દેશમાં બપોર થાયછે; કોઈ દેશમાં બપોર થાયછે તો કોઈમાં રાત પડેછે ત્યારે તેનું કારણ પણ પૃથ્વી ગોળ છે તેથી છે.

સ—પૃથ્વીનો પરિઘ કેટલા માઇલ છે?
જ—આસરે ૨૫૦૦૦ માઇલ.
સ—પૃથ્વીનો વ્યાસ કેટલા માઇલ છે?
જ—આસરે ૮૦૦૦ માઇલ.
સ—પૃથ્વીની સપાટી કેમ બની છે?
જ—પાણી અને જમીન વડે.
સ—પૃથ્વી ઉપર પાણી કેટલું છે ને જમીન કેટલી છે?
જ—જો આખી પૃથ્વીના બરાબર ત્રણ ભાગ કરીએ, તો તેમાંના બેભાગ કરત વધારે પાણી છે, અને બાકીની જમીન છે.

વ્યાખ્યા.

સ—છોકરાઓ બોલો તો તમે નકશા જોયાછે, નકશા તે શું?
જ—હાજી, નકશા એટલે આખી પૃથ્વી કે તેનો કોઈ ભાગ, કે દેશ કે શેહેર વગેરેનો જે નમુનો તે.
સ—દેશ કોને કહીએ?
જ—જેમાં ઘણાએક પ્રાંતો, ઇલાકા વગેરે આવેલા તે.
સ—પ્રાંત કોને કહીએ?
જ—જેમાં ઘણાંએક સંસ્થાન, જીલ્લા, તથા માહાલ આવેલા તે.
સ—ઇલાકો એટલે શું?
જ—જેમાં ઘણાંએક શેહેરો તથા ખંડિઆ મૂલકો આવેલા તે.
સ—જીલ્લો કોને કહીએ?
જ—જે ઘણાંએક પ્રગણાંઓ મળી થયલો તે.
સ—પ્રગણું એટલે શું?
જ—જેમાં નાનાં નાનાં ગામો ઘણાં આવી એક તાલુકો બંધાયલો તે.
સ—ગામ કોને કહીએ?
જ—જ્યાં કે થોડાંક ઝુપડાં (ઘર) ની વસ્તી હોય તે ગામ.
સ—ત્યારે ગામડું કોને કહીએ?

જ—જ્યાં ઘણાંજ થોડાં ઝુપડાં જેવા ઘરની વસ્તી હોય તે.
સ—તાલુકો એટલે શું?
જ—તાલુકોનો જે પ્રગણું કરીને કેહેવાય છે તે.
સ—કસબો કોને કહીએ?
જ—પ્રગણાનું જે સૌથી મોટું ગામ તે કસબો.
સ—શેહેર કોને કહીએ?
જ—જ્યાં મોટા મોટાં છોબંધને હારબંધ ઘરો બાંધેલાં હોય, અને જ્યાં સારાં સારાં ચોટાં તથા બજાર હોય ને જ્યાં ધમ ધોકારે સારો વેપાર ચાલતો હોય તે.
સ—બંદર એટલે શું?
જ—નદી કે દરિઆ કાંઠે વેપારના મથકનું જે શેહેર આવેલું તે.
સ—રાજધાની એટલે શું?
જ—રાજગાદીનું જે મોટું શેહેર તે.
સ—સંસ્થાન એટલે શું?
જ—રાજાઓના વસાવેલા જે નાના નાના ખંડીઆ મૂલક તે.
સ—પૃથ્વી ઉપર પાણીના કયા કયા ભાગો થયલાછે?
જ—નદી, સરોવર, અખાત, ઉપસાગર, સામુદ્રધુની, સમુદ્ર, માહાસાગર.
સ—પણ પાણીના મોટા ભાગો કેટલાછે, અને તે દર એકને શું કહેછે તેનાં નામ દો?
જ—તે પાંચછે, અને તેમાંના દર એકને મહાસાગર કેહેછે તેમનાં નામ; ઉત્તર માહાસાગર, દક્ષિણ માહાસાગર, આટલાન્ટીક માહાસાગર, પાસિફીક, અને હિંદી માહાસાગર.
સ—પૃથ્વી ઉપર જમીનના કયા કયા ભાગો થયલાછે?
જ—બેટ, સંયોગી ભૂમી, ભૂશીર, દ્વિપકલ્પ, અને ખંડ.
સ—પણ જમીનના સૌથી મોટા ભાગો કેટલા થયલાછે, અને તે દર એકને શું કેહેછે તેનાં નામ દો?

જ—તે ચારછે, અને તેમાંના દરએકને ખંડ કેહેછે તેમનાં નામ; યુરોપ, એશિયા, આફ્રિકા, અને અમેરિકા. એ શિવાય એક પાંચમો ખંડછે તેને "આસ્ત્રેલેશિયા" કરીને કેહે છે.

સ—અમેરિકા ખંડના કેટલા ભાગ થયલા છે?

જ—બે, ઉત્તર અમેરિકા ને દક્ષિણ અમેરિકા.

સ—નદી કોને કહીએ?

જ—જે પાણીનો ધોધ પર્વતમાંથી અથવા સરોવરમાંથી નીકળીને ઢળતી જગ્યામાં થઇને સમુદ્રને મળેછે તે.

સ—સરોવર કોને કહીએ?

જ—આસપાસ ચોતરફ જમીન આવેલી ને વચમાં પાણી તે.

સ—અખાત કોને કહીએ?

જ—જમીન ઉપર ઘણો લાંબો ગયલો સમુદ્રનો જે ફાંટો તે.

સ—ઉપસાગર કોને કહીએ?

જ—અખાતનું મોં પોહોળું થયલું તે.

સ—સામુદ્રધુની તે શું?

જ—જે સાકડો પાણીનો ભાગ પાણીના બે મોટા ભાગને સાંધેછે તે.

સ—સામુદ્રધુની ને સરોવરથી ઉલટું શું?

જ—સામુદ્રધુનીથી ઉલટું સંયોગીભુમી, અને સરોવરથી ઉલટું બેટ.

સ—સમુદ્ર, સાગર કે દરિઆ કોને કહીએ?

જ—માહાસાગર કરતાં નાનો જે પાણીનો ભાગ તે.

સ—ત્યારે માહાસાગર એટલે શું?

જ—માહાસાગર એટલે મોટો સાગર અથવા દરિયો; પૃથ્વી ઉપર ખારા પાણીના પાંચ ભાગ કીધા છે તેમાંનો જે એકેકા ભાગ તે.

સ—બેટ કોને કહીએ?

જ—ચોતરેફ ફરતું પાણી, ને વચમાં જમીનનો ભાગ તે.

સ—સંયોગી ભુમી એટલે શું?

જ—સાંધનારી જમીન; (જે સાંકડો જમીનનો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધેછે તે.)

સ—ભુશીર, ભુશનાકા, અથવા કેપ કોને કહીએ ?

જ—જે જમીનની અણી લાંબી વધીને સમુદ્રમાં ગએલી તે.

સ—દ્વીપકલ્પ કોને કહીએ ?

જ—જે જમીનનો ભાગ આસપાસ ત્રણ બાજુએ પાણી, અનેએક બાજુએ જમીનથી વીંટાયલો તે.

સ—ખંડ કોને કહીએ ?

જ—જમીનના મોટા ભાગ જેમાં ઘણા દેશો આવેલા હોયછે તે.

સ—ડુંગર, પાહાડ અને પર્વત કોને કહીએ ?

જ—જમીન ઉપર જે મોટા ઊંચા ટેકરા હોય તે ડુંગર; એવા ઘણા ડુંગર સાથે જોડાઇને પ્રથ્વીના સપાટીથી ઘણા ઊંચા ગએલા તે પાહાડ; અને એવા એવા ઊંચા પાહાડ જોડાઇને સાથે લાંબા પથરાયલા તે પર્વત કહેવાય છે.

સ—ખાડી કોને કહીએ ?

જ—સમુદ્રને મળવાની આગમચ ભરતીનું પાણી માંહે આવે એવું નદીનું મુખ જે પોહોળુ થાયછે તેને ખાડી કહેછે.

સ—નદીનું મુળ અને મુખ તે શું ?

જ—જે પર્વત કે સરોવરમાંથી નદી નીકળેછે તે ઠેકાણાને મુળ, અને જ્યાં કે નદી સમુદ્ર અથવા દરિયાને મળેછે તેને મુખ કહેછે.

મુંબઈ બેટનું વર્ણન.

અરબી સમુદ્રમાં મુંબઇ બેટ આવેલો છે. મુંબઇ શેહેરની ૯૦ [illegible] બાજુએ કોલાબા, બેકબે, અને એપાલી, પૂર્વમાં મુંબઇનુબાંદુ,

શિવરી અને મીઠાના અગર, પશ્ચિમમાં માહાલક્ષ્મિ, ખંબાલા, વરલી અને માહીમ. ઉત્તરમાં માહીમ, ધારાવી, સાયન, મનમાલા, માટુંગા અને ગરંગાવ. મધ્ય ભાગમાં દાદર, વડાલા નાયગામ, પરેલ, ચીંચપોગલી અને મીન્ડગુંટ મંડળ, એ સીવાય તારદેવ, ગોરગામ, કામાટીપુરા, ખેતવાડી, ખરાતળાવ, ભાયખળા, મતાર પાખડી, મજગામ, ભુલેશ્વર, ઠાકુરખાડી, મારકીટ માંડવી, ધોબી તલાવ અને કોટ. નૈરૂત્ય કોણમાં વાલકેશ્વર જ્યાં ગવરનર સાહેબનો બંગલો છે તથા હિંદુ લોકનું દેવળ છે. વાયુ કોણમાં વળી વડોદરા રેલવેનાં સ્ટેશનો જે મુંબઈમાં આવેલાં છે તેનાં નામ કોલાબા, ચર્ચગેટ, મરીનલાઇન, ચર્નીરોડ ગ્રાંટરોડ, મહાલક્ષ્મી, પરેલ, દાદર, માહીમ, જી. આઈ. પી રેલવેના સ્ટેશન જે મુંબઈમાં આવેલાં છે તેનાં નામ, બોરીબંદર, મસીદબંદર, ભાયખલા, અને ચીંચપોગલી, પરેલ દાદર.

બંદરો—નીકલ બંદર, માલેટ બંદર, એલફીન્સ્ટન બંદર, કરનાક બંદર, મસદ બંદર, મજગામ બંદર, પાલવા બંદર, ટાંક બંદર અને બોરીબંદર છે; ગોદી ત્રણ છે કોટની અને મજગામની અને ત્રીજી એલફીનસ્ટન બંદરની કોલાબામાં જાણવા લાયક જગ્યાનાં નામ દીવાદાંડી, લ્યુંનેટ એસાયલમ, અને કોલાબા ઓબ્ઝરવેટરી, પારસીની ધર્મશાળા.

તળાવ—નાયગામ, પરેલ, કાવસજી પટેલનું તળાવ, બાબુલાનું તળાવ, સાકળીયું તળાવ, મુંબાદેવી, ભુલેશ્વર, વાલકેશ્વરનું તળાવ, અને મહાલક્ષ્મિનું તળાવ, કોટમાં જાણવા લાયક જગ્યાનાં નામ, ટાઉનહાલ હાઇકોર્ટ, તારઓફીસ, સેક્રિએટ હાફીસ, જનરલ પોષ્ટ હાફીસ, એલફીન્ટન સરકલ, ખ્રીસ્તીલોકોનું દેવળ, ટંકશાળ, અને ગોદી બાયખળાના બંદાગ

જાણવાલાયક જગ્યાના નામ,જમસેદજી જીજીભાઈની ઇસ્પીતાળ,વિક્ટોરિઆ ગાર્ડન. અને એલફીન્સ્ટન કૉલેજ.

શેહેર—હિંદુસ્તાનના પશ્ચિમ કીનારાપર એક ટાપુમાં મુંબઈ શેહેર આવેલુંછે તે એક અગત્યનું બંદરછે. અને અંગ્રેજ સરકારનું પશ્ચિમતરફનું મુખ્ય શેહેરછે. મુંબઈ બેટ ઇ૦સ૦ ૧૬૬૧માં પોર્તુગાલના રાજાએ બીજા ચાર્લસ રાજાને કન્યાદાનમાં આપ્યો હતો. એ સપાટ મેદાનછે. તેની આજુબાજુએ કેટલાક ઊંચા ડુંગર આવેલાછે, એ સપાટ મેદાન૧૧ મૈલ લાંબુ અને ૩ મૈલ પોહોળુંછે. એ બેનો ઘેરાવો ૨૦ મૈલકરતાં વધારેછે. કોટ અને બહારકોટ મળી મુંબઈ શેહેરની વસ્તી ૬.૫૦૦૦૦માણસનીછે એ વસ્તીમાં ઘણું કરીને પારસી, હિંદુ, ભાટિયા, ખોજા વગેરેનીછે. તેઓ ઘણા પૈસાદાર, મોટા વેપારી, અને લાખો રૂપીઆના ધણીછે લંડનબાદ કરતાં અંગ્રેજી રાજ્યમાં એ મોટામાં મોટું શેહેર છે; ઘણુંકરી એમાં ગુજરાતી અને મરાઠી ભાષા બોલાયછે, પણ વેપારને અર્થે દુનિઆનાજુદાજુદા ભાગોમાંથી આવેલા લોકો અંગ્રેજી હિંદુસ્તાની વગેરે ભાષ બોલેછે, રંગારા, ચમાર, કંસારા તથા બીજા કારીગરો પોતાનો હુનર એબેટમાં કરેછે. પરંતુ સૌ કરતાં વધારે મોટો ધંધો સુતર કાંતવાનો ને કાપડ વણવાનોછે. એ બેટમા વરાળયંત્રથી ચાલતાં કાંતવાનાં, વણવાનાં તથા ખાંસડી દાબવાનાં હાલમાં ૪૦ કરતાં વધારે કારખાનાં છે, અને તેમાં ૨૫૦૦૦ કરતાં વધારે માણસનો રોજી ચાલેછે. બેતાના પાકમાં ડાંગર મુખ્યછે. બીડી પણ થાય છે. તથા વનસ્પતી પણ ઘણી પાકે છે. દરિઆના પાણીને વધતાં અટકાવી જમીન ઉપર રેલવે બાંધી સારીજીહાર

સાથે મુંબઇના ઉત્તર ભાગને હાલમાં જોડી લીધોછે, બાકી બધી બાજુએ દરિઓ આવેલોછે. દુનિઆમાં સૌથી મોટામાં મેટ્ટુ બંદરોમાંનું એ એક બંદરછે, તેમાં વાહણોને આગબોટો નીરંતર જથાબંધ રહેછે. અને તે દુનિઆના સઘળા ભાગો તરફ આવજા કરે છે.

એ બંદર એટલે મુંબાઈ શેહેર ઘણું શોભાવંતુ અને જોવા લાયક છે. અહિયાં વિલાયત વગેરે બહાર દેશાવરથી ઘણાક જાત જાતનાં યંત્રો, તેમજ કાપડ, ચીનીઆનું, રેશમ, કરીયાણું, વગેરે પુષ્કળ માલ આવેછે; અહિયાંના ઘરોની બાંધણી ઘણીજ ઉંચી અને સરસછે. જમીન પથ્થરનીછે તેથી પાણી આગળતો કુવા બહુ સારાં નહોતાં; પણ હાલ દુરથી તળાવમાં નળો મુકી પાણી લાવેલાછે તેથી હાલ તે સારાં થયાં છે. ઇલાકાનું મેટું શેહેર એછે, તેથી એના સૌથી મોટા દરજ્જાની ઇનસાફની કચેરી અહિયાંછે. ઇલાકાના ઉપરી વડા અધિકારી નામદાર ગવરનર સાહેબ બાહાદુર પણ અહિયાં રેહે છે.

સમાપ્ત.

ખબર.

આ ચોપડી નીચે લખેલે ઠેકાણેથી વેચાથી મળશે.

નડીઆદ—કાગદી સાદકભાઈ ચોપડી વેચનાર.

વડોદરા—બુકસેલર દસરથ રાગોબા ઠા. રાવપરામાં.

બુકસેલર રણછોડ મોતીરામ.

વલસાડ—બુકસેલર દ્વારકાંદાસ પરભુદાસ.

સુરતમાં—મેહેતાજી ફકીરભાઈ કાશીદાસ.

બુકસેલર ડીકાભાઈ પરભુદાસ.

બુકસેલર મંચેરજી જમશેદજી.

બુકસેલર કરશનદાસ નારણદાસ.

મુંબાઈમાં—બુકસેલર સખારામ ભીકસેટ.

બુકસેલર બાળકૃષ્ણ લક્ષમણ.

બુકસેલર ભીમજી માણેક.

બુકસેલર દામોદર ઈશ્વર.

બુકસેલર ગોકળદાસ હરજીવનદાસ.

વીરમગામ—બુકસેલર ભોખા નથુરામ.

બુકસેલર મુળશંકર લલુ.

સામટી લેવી હોય તેમણે પોસ્ટપેડ કાગળ લખી ખુલાસો કરવો. નાટપેડ કાગળ લેવામાં આવશે નહીં. મુંબાઈનાં છાપેલાં સંસ્કૃત, હીંદુસ્તાની, ગુજરાતી, ડીકસનેરીઓ, નાટકો, જૈનધરમનાં તથા વૈશ્નવધરમનાં તથા વારતાઓ, તથા કાયદાઓ, પેહેલેથી તે સાતમી સુધીના અરથ, તરજુમાઓ, અને વઇદકનાં પુસ્તકો વિગેરે બીજી ઘણી જાતનાં પુસ્તકો અમારી પાસેથી ઘણીસરસ છાપને સસતી કીમતે મળશે. બુકસેલર જગજીવનદાસ દલપતરામ.

ઠા. અમદાવાદમાં બાલીટનની હવેલીમાં.